# <u>સુરતના ૧૦માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગની કોર્ટમાં</u>

ફોજદારી કેસ નં.૭૯૭૦૫/૨૦૨૩
આંક –

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :–પવન સંતોશસિંઘ રાજપુત

## <u>ગુન્હો :– ભારતીય દંડ સંહિંતાની કલમ ૨૭૯ મુજબ</u>

(૧) આરોપી સામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પોતાના કબજાનું વાહન ગફલતભરી રીતે બેદરકારી દાખવી બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવી પકડાઈ જઈ ભારતીય દંડ સંહિંતાની કલમ ૨૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) હાલના આરોપી અદાલત રૂબરૂ હાજર રહેલ અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. આ કામે આરોપીએ કબુલાત પુરસીસ રજૂ કરેલ છે અને આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલાનું જણાવેલ અને જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરિસ્થિતિના છે જેથી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩) આરોપી તરફેની કબુલાત ધ્યાને લેતાં આરોપીએ સ્વૈચ્છાએ કબુલાત કરે છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. આરોપી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓને ગુનો કર્યા અંગેનો પસ્તાવો છે. ભારતીય દંડ સંહિંતાની કલમ ૨૭૯ માં ૬ મહિના સુધીની સજા અને દંડની શિક્ષાની જોગવાઈઓ છે. આરોપી એવી રજુઆત કરે છે કે તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવામાં આવે કેમ

કે જો તેઓને વધુ સજા અને દંડ કરવામાં આવશે તો તેઓના પરીવારજનોનું ભરણપોષણ થઈ શકે તેમ નથી. આ કેસની હકીકત ધ્યાને લેતાં તેમજ આરોપી તરફે રજુ થયેલ દલીલો અને સ્વૈચ્છીક કબુલાતને પણ ધ્યાને રાખતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ– ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિંતાની કલમ ૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પૂરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ના ભરે તો દિન –૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ કરવામાં ન આવેલ હોય તો સદર મુદામાલને માલિકીની ખરાઈ કરી મુળ માલિકને સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૯ મી સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં સ્પેશ્યલ સિટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરત. (આશિમા ગર્ગ)

તા.૦૯/૦૯/૨૦૨૩ ૧૦ માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,સુરત.
જીજે ૦૧૬૫૪